માર્ચ-૨૦૨૬

# પેન્શનર્સ પ્રકાશ

Dear Friends,

The State Bank of India's record profit in the last quarter is a moment of genuine pride for all of us. For those of us who once served the institution as employees and who now remain connected as members of its extended family, this achievement is not just a number on a balance sheet; it is a reaffirmation of the strength, resilience and credibility of an institution to which we devoted the most productive years of our lives. SBI's performance once again demonstrates that the foundations laid over decades continue to yield results, even in a rapidly changing financial and technological landscape.

It is important to remember that this impressive edifice was not built in a few years, nor is it the outcome of the efforts of one generation alone. SBI's present stature is the culmination of the hard work, integrity and sense of collective responsibility displayed by generations of employees who worked shoulder to shoulder, often under challenging circumstances, for three decades and more.Their commitment to values, systems and service created an institution that could withstand crises, adapt to change and still remain relevant. As pensioners and past employees, we see this success as a shared legacy—one in which each of us has played a small but meaningful role.

Equally heartening is the Bank's continued concern for the welfare of its pensioners, whom it rightly treats as an important and valued group of stakeholders. Over the past decade, the introduction and strengthening of health insurance facilities have been among the most significant benefits extended to pensioners. The subsidised premium for members aged 70 years and above (subsidy of 50% for 70 years and above, below 80 years and 90% for above 80 years) is a thoughtful and compassionate measure. The increase in the E-Pharmacy limit is the icing on the cake. Such initiatives reflect the Bank's recognition that those who built the institution deserve security, dignity and care in their later years.

At the same time, aspirations evolve, and needs grow with time, and wisdom lies in balancing expectations with gratitude. While we continue to pursue legitimate demands, it is equally important to acknowledge and appreciate what the Bank has already provided. Gratitude strengthens dialogue, fosters mutual respect and creates a positive environment for constructive engagement.

At the Circle level, guided by a policy of cooperation and commitment, we are making every effort to enhance benefits within the powers vested in Circle authorities. Steps such as increasing the number of dispensaries and expanding the coverage area for laboratory tests are practical measures aimed at improving day-to-day convenience and healthcare access for our members. Simultaneously, the Federation is actively pursuing larger and more complex issues, including the long-pending matter of increase in pension with retrospective effect. While the issue is sub judice, the positive feedback and confidence expressed by the advocates engaged on our behalf give us reason to remain hopeful of a favourable outcome in the near future.

Unity among members and faith in leadership become critical in the age of rapid advances in technology and AI, which are transforming institutions, work processes and decision-making frameworks. Our present leaders—both at the Circle level and at the Apex level—bring to the table maturity, foresight, negotiating skills and a strong network of professional relationships,which are essential to navigate the maze of complex legal, administrative and policy-related challenges that lie before us. With collective trust and support, leadership can convert challenges into opportunities.

The Executive Committee of SBIPA, Gandhinagar Circle, places on record its deep gratitude to each and every member for the love, affection and trust reposed in us. This trust is both an honour and a responsibility. We assure you that we remain fully committed to safeguarding your interests and to working tirelessly for the welfare and well-being of our members. Together, with unity of purpose and clarity of vision, we shall continue to move forward with confidence and hope.

**- Kamal Kadri-Editor**

વર્ષ-૧૯ ● અંક : ૦૩
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

પ્રિય મિત્રો,

ભારતીય સ્ટેટ બેંક દ્વારા છેલ્લા ત્રિમાસિક ગાળામાં નોંધાયેલ રેકોર્ડ નફો આપણાં સૌ માટે ખરેખર આનંદ અને ગૌરવની ક્ષણ છે. આપણે સહુ આ સંસ્થામાં કર્મચારી તરીકે સેવા આપી હતી અને આજે તેના વિસ્તૃત પરિવારના સભ્ય તરીકે જોડાયેલા છીએ, આપણા માટે આ સિધ્ધિ માત્ર નફા-નુકસાનના સરવૈયાનો આંકડો નથી. આ તો આપણી સંસ્થાની શક્તિ, સ્થિતિસ્થાપકતા અને વિશ્વસનીયતાનું પુનઃપ્રતિપાદન છે, જેના માટે આપણે આપણા જીવનના સૌથી ઉત્પાદનક્ષમ વર્ષો સમર્પિત કર્યા હતા. એસબીઆઈનું આ શ્રેષ્ઠ પ્રદર્શન ફરી એકવાર સિધ્ધ કરે છે કે દાયકાઓ દરમ્યાન નાખવામાં આવેલ સંસ્થાનો મજબૂત પાયો ઝડપથી બદલાતી આર્થિક અને ટેક્નોલોજીકલ પરિસ્થિતિમાં પણ ઉત્કૃષ્ઠ સકારાત્મક પરિણામો આપે છે.

એ બાબત યાદ રાખવી રહી છે કે આ ભવ્ય ઇમારત થોડાક વર્ષોમાં જ ઊભી થઇ નથી અને તે માત્ર એક પેઢીના પ્રયત્નોનું પરિણામ પણ નથી. એસબીઆઈની આજની પ્રતિષ્ઠા એ પેઢી દર પેઢી કર્મચારીઓના કઠોર પરિશ્રમ, પ્રામાણિકતા અને સામૂહિક જવાબદારીની ભાવનાનું પરિણામ છે. ઘણી વખત પડકારજનક પરિસ્થિતિઓમાં પણ ત્રણ દાયકાથી વધુ સમય સુધી ખભે ખભા મિલાવી આપણે કાર્ય કર્યું છે. તેમની મૂલ્યો પ્રત્યેની નિષ્ઠા, વ્યવસ્થાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સેવા ભાવનાએ એવી સંસ્થા ઉભી કરી, જે સંકોટોને સહન કરી શકે, બદલાવને અપનાવી શકે અને સમયસંગત રહી શકે. પેન્શનરો અને ભૂતપૂર્વ કર્મચારીઓ તરીકે, આપણે આ સફળતાને એક સાચા વારસો તરીકે જોઈએ છીએ - જે માટે આપણામાંના દરેકે નાનું પરંતુ અર્થપૂર્ણ અને સંનિષ્ઠ યોગદાન આપ્યું છે.

બેંક દ્વારા તેના પેન્શનરોના કલ્યાણ પ્રત્યે સતત દર્શાવાતી ચિંતા પણ એટલી જ હર્ષજનક છે, કારણ કે બેંક આપણને મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન હિતધારકો તરીકે યોગ્ય સ્થાન આપે છે. છેલ્લા દાયકામાં આરોગ્ય વીમા સુવિધાઓનો પ્રારંભ અને તેનું મજબૂતિકરણ પેન્શનરોને આપવામાં આવેલા સૌથી મહત્ત્વપૂર્ણ લાભોમાંથી એક રહ્યો છે. ૭૦ વર્ષ અને તેથી વધુ વયના સભ્યો માટે પ્રિમિયમ પર મળતી સહાય (૭૦ વર્ષથી વધુ પરંતુ ૮૦ વર્ષથી ઓછી વયના પેન્શનરો માટે ૫૦% સહાય અને આશરે ૮૦ વર્ષ અથવા તેથી વધુ માટે ૯૦% સહાય) સંવેદનશીલ અને કૃતજ્ઞતાભર્યું પગલું છે, જેને યોગ્ય રીતે “કેક્સ પર આઇસિંગ” કહી શકાય. સહાય ઉપરાંત ઈ-ફાર્મસીની મર્યાદામાં પણ વધારો કરવામાં આવ્યો છે. આવા પગલાં દર્શાવે છે કે સંસ્થાના શિલ્પીકારોને તેમના જીવનના ઉત્તરાર્ધમાં પણ સુરક્ષા, ગૌરવ અને સંભાળ મળવી જ જોઈએ તેવી ઉદાર ભાવના રાખે છે.

આપણને ખબર છે કે અપેક્ષાઓની કોઈ સ્વાભાવિક મર્યાદા કે અંતિમ તારીખ નથી હોતી. સમય સાથે આશાઓ બદલાય છે અને અપેક્ષા તથા જરૂરિયાતો વધે છે. છતાં, શાણપણ તેમાં છે કે અપેક્ષાઓ અને કૃતજ્ઞતા વચ્ચે સંતુલન જાળવવું. જ્યારે આપણે આપણી વાજબી માંગણીઓ માટે પ્રયત્નશીલ છીએ, ત્યારે બેંકે અત્યાર સુધી જે આપ્યું છે તેની કદર અને ઋણસ્વીકાર પણ એટલો જ મહત્ત્વનો છે. કૃતજ્ઞતા સંવાદને મજબૂત બનાવે છે, પરસ્પર સન્માન વધારે છે અને રચનાત્મક ચર્ચા માટે સકારાત્મક વાતાવરણ ઊભું કરે છે.

સર્કલ સ્તરે, સહકાર અને પ્રતિબદ્ધતાની નીતિના માર્ગદર્શન હેઠળ, સર્કલ સત્તાધિકારીઓને સોંપાયેલા અધિકારોની હદમાં લાભોમાં વધારો કરવા માટે ટીમ-એસબીઆઈ પેન્શનર્સ એસોશિયેશનના દરેક પ્રયાસ નિષ્ઠાપૂર્વક રહ્યાં છે. લાભ આપવા જેવા પગલાં આપણાં સભ્યોની દૈનિક સુવિધા અને આરોગ્ય સેવાઓ સુધીની પહોંચાડવા સુધારવા માટેના વ્યવહારુ ઉપાયો છે. સાથે સાથે, ફેડરેશન મોટા અને વધુ જટિલ મુદ્દાઓ પર પણ સક્રિય રીતે પ્રયત્નશીલ છે, જેમાં પેન્શનમાં પાછલા સમયથી (retrospective effect) વધારો કરવાની લાંબા સમયથી બાકી રહેલી બાબતોનો સમાવેશ થાય છે. મુદ્દો હાલમાં અદાલતી વિચારધીન (sub judice) હોવા છતાં, આપણા તરફથી નિમાયેલા વકીલો દ્વારા વ્યક્ત કરાયેલ સરકારાત્મક પ્રતિસાદ અને આત્મવિશ્વાસ નજીકના ભવિષ્યમાં અનુકૂળ પરિણામની આશા રાખવા પ્રેરિત કરે છે.

આપણે એવા યુગમાં જીવીએ છીએ જ્યાં કૃત્રિમ બુદ્ધિ (AI) અને ટેક્નોલોજીમાં ઝડપી પ્રગતિ સંસ્થાઓ, કાર્યપ્રણાલીઓ અને નિર્ણય પ્રક્રિયાઓને રૂપાંતરિત કરી રહી છે. આવા સમયમાં વર્તમાન આગેવાની-સર્કલ સ્તર તેમજ એપેક્સ સ્તર બંને સ્તર પર પરિપક્વતા, દુરંદેશી વિચારશક્તિ, વાટાઘાટોનું કૌશલ્ય અને વ્યાવસાયિક સંબંધોના મજબૂત ગઠન સાથે આગળ વધી રહી છે. આપણી સામે રહેલા જટિલ કાનૂની, વહીવટી અને નીતિ સંબંધિત પડકારોની જાળમાંથી માર્ગ કાઢવા માટે આ ગુણો અત્યંત આવશ્યક છે. સામૂહિક વિશ્વાસ અને સમર્થન સાથેનું નેતૃત્વ પડકારોને અવસરોમાં ફેરવી શકે છે.

એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલની કાર્યકારી સમિતિ દરેક સભ્ય પ્રત્યે હૃદયપૂર્વકની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે, જેઓએ અમારા પ્રત્યે પ્રેમ, સ્નેહ અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ વિશ્વાસ અમારે માટે સન્માન પણ છે અને જવાબદારી પણ. અમે તમને ખાતરી આપીએ છીએ કે તમારા હિતોની સુરક્ષા અને સભ્યોના કલ્યાણ માટે અમે પૂર્ણ પ્રતિબદ્ધતા સાથે અવિરત પ્રયત્ન કરતા રહીશું. એકતા અને સ્પષ્ટ દ્રષ્ટિકોણ સાથે, આપણે સૌ મળીને આત્મવિશ્વાસ અને આશા સાથે આગળ વધતા રહીશું. આપ સૌની સુખાકારી અને તંદુરસ્તી માટે શુભેચ્છા

**કમાલ કાદરી**
**સંપાદક**

# કોર્પોરેટ મેનેજમેન્ટની ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન સાથેની સ્ટ્રક્ચર મિટીંગ ગાંધીનગર ખાતે યોજાઈ ગઈ







ફેડરેશન ઓફ એસબીઆઈપીએ દ્વારા કોર્પોરેટ મેનેજમેન્ટ સાથેની સ્ટ્રક્ચર મિટીંગ માટે આપણાં ગાંધીનગર સર્કલની પસંદગી કરવામાં આવી. જે આપણાં સૌના માટે ગૌરવશાળી પ્રસંગ કહી શકાય. તા. ૨૩-૦૨-૨૦૨૬ના રોજ યોજાયેલ સ્ટ્રક્ચર મિટીંગનું સ્થળ એસબીઆઈ-એલએચઓ, ગિફ્ટસીટી, ગાંધીનગર નક્કી કરવામાં આવેલ. એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલના સુકાનીઓ પ્રમુખશ્રી આર. એન. ચોક્સી તથા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીના નેતૃત્વમાં સર્કલ એસોસિયેશન ટીમ સ્ટ્રક્ચર મિટીંગ માટેની વ્યવસ્થામાં અગ્રેસર રહી. સર્કલ મેનેજમેન્ટ અને એસબીઆઈપીએની ટીમ સાથે મળીને મિટીંગની બેઠક વ્યવસ્થા, તમામ સર્કલોમાંથી પધારેલ જનરલ સેક્રેટરી,





પ્રેસિડેન્ટના વસ્ત્રપરિધાનની એકરૂપતા તેમના આઈ-કાર્ડ વિગેરેની વિશેષ દરકાર કરવામાં આવી. સ્ટ્રક્ચર મિટીંગમાં ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશનના પ્રમુખ શ્રી એન. રાધાક્રિષ્નન, જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફ, વાઈસ પ્રેસિડેન્ટ સર્વશ્રી કમાલ કાદરી, આર. પી. સક્શેના, પલક્કલ, હરેન્દ્ર પ્રસાદ, તમામ સર્કલના પેન્શનર્સ એસોસિયેશનના જનરલ સેક્રેટરી, પ્રેસિડેન્ટ, કોર્પોરેટ મેનેજમેન્ટમાં ડીએમડી શ્રી જી. એસ. રાણા, સીજીએમ (એચઆર) પૂનમ બલમ મુરૂગન, સીજીએમ (લીગલ) એ. ટી. થોરાટ, સર્કલ સીજીએમ શ્રી બાલાજી કુમાર સીંગસામંતા, સર્કલ જી.એમ.-૧ શ્રી ચંદ્રશેખર વી., જી.એમ. (આરપી એન્ડ પીએમ) શ્રી દેબજીત મિત્રા, સર્કલ ડીજીએમ એન્ડ સીડીઓ શ્રી વિક્રમ ઝા, કોર્પોરેટ ડીજીએમ (પીએમડી) શ્રી સૌરવ ઘોષ ઉપસ્થિત રહી મિટીંગની શરૂઆતમાં તમામ સર્કલોના જનરલ સેક્રેટરી અને પ્રેસિડેન્ટનું ખાસ સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ફેડરેશન ઓફ એસબીઆઈપીએ દ્વારા કોર્પોરેટ મેનેજમેન્ટના પદાધિકારીઓનું પણ અભિવાદન કરવામાં આવ્યું. ફેડરેશનના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર કોર્પોરેટ મેનેજમેન્ટ દ્વારા એજન્ડા પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી. જે મહત્વની સિધ્ધિ ગણી શકાય. એજન્ડા પ્રમાણે કાર્યવાહી દરમિયાન ફેડરેશન દ્વારા પેન્શનરોના રજૂ કરવામાં આવેલ પ્રશ્નો માટે હકારાત્મક વલણ અપનાવ્યું. તમામ પ્રશ્નોના નિરાકરણ માટે ખાત્રી આપી હતી. આમ ખૂબ જ આનંદ અને સુમેળભર્યા વાતાવરણ વચ્ચે સ્ટ્રક્ચર મિટીંગ સંપન્ન થઈ. ભારતભરમાંથી આવેલ મહેમાનોએ આપણા સર્કલની મહેમાનગતીથી પ્રભાવિત થયા હતા.

AMRISH SHAH +91 93270 08653 HARSHIT SHAH +91 99789 08869

हमारी सेवाएं

✓ Mutual Funds
✓ GOI Bonds
✓ Life Insurance
✓ Fixed Deposite

PIFCON SERVICES LLP SINCE 1981

✓ Public Issues
✓ Capital Gain Bonds
✓ General Insurance
✓ N C D Bonds

POOJA INVESTMENT
G/22, Hemkoot Building,
Near Gandhigram Railway Station,
Ashram Road, Ahmedabad - 9, Gujarat, INDIA

Email: info@poojainvestment.com Website: www.poojainvestment.com

# Federation of SBI Pensioners Associationની

## શાનદાર... યાદગાર ગર્વનીંગ બોડીની મિટીંગ

### તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ ગાંધીનગર શહેરના આંગણે યોજાઈ

## ગર્વનીંગ બોડી મિટીંગ




તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ સ્ટેટ બેંક ટ્રેનિંગ સેન્ટર-ગાંધીનગર મુકામે ફેડરેશન ઓફ એસબીઆઈપીએની ગવર્નીંગ બોડીની મિટીંગ યોજાયેલ તેમાં SBI ગાંધીનગર સર્કલના ચીફ જનરલ મેનેજર **શ્રી બાલાજી કુમાર સીંગસામંતા** અને ડીજીએમ એન્ડ સીડીઓ **શ્રી વિક્રમ ઝા,** એસબીઆઈ એલએચઓના પીપીજી ડિપાર્ટમેન્ટના એજીએમ શ્રી સુબ્રતો રંજનદાસ ઉપસ્થિત રહેલ. આ મિટીંગમાં ભારતભરના તમામ સર્કલના જનરલ સેક્રેટરીઓ તથા પ્રેસિડેન્ટો અને ગવર્નીંગ બોડીના સભ્યો હાજર રહેલ. ફેડરેશનના જનરલ સેક્રેટરી કોમરેડ **જી. ડી. નડાફ** તથા પ્રમુખ કોમરેડ **એન. રાધાક્રિષ્નન,** વાઈસ પ્રેસિડેન્ટ સર્વશ્રી કમાલ કાદરી, આર. પી સક્શેના, પલ્લક્કલ, હરેન્દ્ર પ્રસાદ, એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલના પ્રમુખશ્રી આર. એન. ચોક્સીની સાથે સમગ્ર ટીમ હાજર રહેલ. મિટીંગના હોલમાં તમામ ગવર્નીંગ બોડીના સદસ્યો તેમજ મેનેજમેન્ટના ઉપસ્થિત પ્રતિનિધિઓનું બહેનો દ્વારા કંકુ તિલક અને સુતરની આંટી દ્વારા સન્માનિત કરી આવકાર્યા હતા. ગવર્નીંગ બોડીની શરૂઆતમાં ગાંધીનગર સર્કલના સીજીએમ શ્રી બાલાજી કુમાર સીંગસામંતાએ તેમજ ડીજીએમ એન્ડ સીડીઓ શ્રી વિક્રમ ઝાએ ગવર્નીંગ બોડીને સંબોધીત કરી સાથે તેમણે સમગ્ર બેંકના પેન્શનરોને લગતા પ્રશ્નોની છણાવટ કરી નિવારણ કરવાની બાંહેધરી આપી. ફેડરેશન, પ્રેસિડેન્ટ શ્રી એન. રાધાક્રિષ્નન દ્વારા એજન્ડા પ્રમાણે કાર્યવાહી કરીને દરેક મુદ્દામાં







તમામ સર્કલોના જનરલ સેક્રેટરી, પ્રેસિડેન્ટનો અભિપ્રાય મેળવેલ. આમ સમગ્ર રીતે ગવર્નીંગ બોડીની કાર્યવાહી શાનદાર અને યાદગાર રહી.

ફેડરેશનના હોદ્દેદારો તથા તમામ સર્કલના જનરલ સેક્રેટરી, પ્રેસિડેન્ટ શ્રીઓએ ગાંધીનગર સર્કલના એસબીઆઈપીએ યુનિટના હોદ્દેદારો અને કાર્યકરોએ કરેલ મહેમાન નવાજીની ખૂબ પ્રશંસા કરી અને આભાર માની એકમેકને ગળે મળી સ્નેહભીની આંખે સૌ જુદા પડ્યા. આ સમગ્ર કાર્યક્રમ આપણા એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલના પ્રમુખ અને જનરલ સેક્રેટરીની આગેવાની તળે યોજાયેલ. આ પ્રસંગની કેટલીક બોલતી તસવીરો.








ગવર્નીંગ બોડીની મિટીંગમાં ફેડરેશન ઓફ SBIPAના પ્રમુખ શ્રી એન. રાધાક્રિષ્નન, જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફ, ફેડરેશનના વાઈસ પ્રેસિડેન્ટ અને આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી તથા SBIPA ના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી દ્વારા ફેડરેશન ઓફ SBIPAના પૂર્વ જનરલ સેક્રેટરી **શ્રી દિપક બાસુની** ફેડરેશનમાં આપેલ સેવાઓને બિરદાવવા મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

# તમામ બેંકોના પેન્શનરોની મેમ્બર્સ મીટ અમદાવાદ ખાતે યોજાઈ



તમામ બેંકોના પેન્શનરોની તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ એચ. કે. કોલેજ હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સીબીપીઆરઓના બેનર હેઠળ મેમ્બર્સ મીટ યોજાઈ. જેમાં ફેડરેશન ઓફ એસબીઆઈપીએના પ્રેસિડેન્ટ શ્રી એન. રાધાક્રિષ્નન તથા જનરલ સેક્રેટરી એવં ઓલ ઈન્ડિયા સીબીપીઆરઓના કન્વિનર શ્રી જી. ડી. નડાફ તેમજ ફેડરેશન ઓફ એસબીઆઈપીએના વાઈસ પ્રેસિડેન્ટ તેમજ એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી અને સીબીપીઆરોના જોઈન્ટ કન્વિનર શ્રી કમાલ કાદરી, શ્રી આર. એસ. ત્રિવેદી, SBIPAના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, અન્ય નેતાઓની સાથે મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતા. પેન્શન અપડેશન જેવા મહત્વના મુદ્દા વિશે શ્રી નડાફ અને શ્રી એન. રાધાક્રિષ્નને વર્તમાન પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. પેન્શન અપડેશન બાબતમાં આઈબીએ, સરકારના વલણ વિશે વાત કરી હતી. કોર્ટમાં ચાલી રહેલા કેસમાં નજીકના સમયની મુદતો પડી રહી છે. તેમાં પણ ઝડપથી ચૂકાદો આવવાની આશા વ્યક્ત કરી હતી. સીબીપીઆરઓના જોઈન્ટ કન્વિર સર્વશ્રી કમાલ કાદરી અને આર. એસ.








ત્રિવેદીએ પણ પ્રસંગોપાત્ ઉદ્બોધન કર્યું હતું. હોલમાં ઉપસ્થિત વિશાળ પેન્શનરોએ પેન્શન અપડેશન વિશે વિસ્તૃત માહિતી મેળવીને આનંદ વ્યક્ત કર્યો હતો.

# સમાધાન પખવાડા



પેન્શનર્સ મિત્રોના વણઉકલ્યા પ્રશ્નો માટે એસબીઆઇ કોર્પોરેટ સેન્ટરની સૂચના મુજબ એલએચઓ, ગિફ્ટ સીટી-ગાંધીનગર તથા તમામ એડમિન ઓફિસ ખાતે સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવ્યું. **એલએચઓ-ગિફ્ટસીટી-ગાંધીનગર** ખાતે તા. ૧૭-૦૨-૨૦૨૬ના રોજ સમાધાન પખવાડામાં મેનેજમેન્ટ તરફથી જનરલ મેનેજર, શ્રી અતુલ રાઠી, ડીજીએમ એન્ડ સીડીઓ શ્રી વિક્રમ ઝા, એજીએમ (પીપીજી) શ્રી સુવ્રતા રંજનદાસ, એજીએમ (એચ.આર) શ્રી ભાવેશ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઇપીએ તરફથી પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઇસ પ્રેસિડેન્ટ સર્વશ્રી પી. જી. પારઘી, ચિંતક પટેલ, જોઇન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, ટ્રેઝરર શ્રી રવી સોલંકી, અમદાવાદ



મોડ્યુલ ડીજીએસ શ્રી મુકેશ દવે તથા કમિટી સદસ્યો સાથે પેન્શનર્સ મિત્રો હાજર રહેલ. તેમજ પેરેમાઉન્ટ ટીપીએ અને આનંદ રાઠીમાંથી અધિકૃત અધિકારીઓ હાજર રહીને ઉદ્‌ભવેલ પ્રશ્નોના નિરાકરણ માટે સંતોષકારક જવાબ આપેલ. જનરલ મેનેજરશ્રી અતુલ રાઠી, સીડીઓશ્રી વિક્રમ ઝાએ જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરી દ્વારા રજૂ થયેલ પ્રશ્નો બાબતે ચર્ચા કરી હતી અને પ્રશ્નોના નિરાકરણ માટે ઘટતું કરવાની ખાત્રી આપી.

તા. ૧૮-૦૨-૨૦૨૬ને બુધવારના રોજ અમદાવાદ એડમિન ઓફિસ, લાલ દરવાજા ખાતે સમાધાન પખવાડાની મિટીંગ યોજવામાં આવેલ. સમાધાન પખવાડામાં ઘણી રજુઆતો આવી અને જેનો હકારાત્મક પ્રતિભાવ મળ્યો. ડીજીએમ શ્રી ગોવિંદ પ્રસાદ સિંહા, એજીએમ સર્વશ્રી દિપક ઝા (રિજિયન-૧), કુલદીપ ગર્ગ (રિજિયન-૨), અજય જોબનપુત્રા (રિજિયન-૩), દેવેન્દ્ર શર્મા (રિજિયન-૪), સીએમ (એચઆર) શ્રી વિપુલ પંચાલ ઉપસ્થિત રહેલ. એસબીઆઇપીએના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઇસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઇન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, ડીજીએસ શ્રી મુકેશ દવે, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, આસિ. ટ્રેઝરર શ્રી જગત પટેલ, કમિટી સદસ્યો સર્વશ્રી એ. કે. બથવાર, આર. વી. મકવાણા, જિકેશ પટેલ, અમરીશ હાથી, ભરત દવે હાજર રહેલ. જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ દરેક રજુઆતને વિસ્તૃત રીતે સમજાવી સુયોગ્ય અનુમોદન આપ્યું. ડીજીએમ શ્રી ગોવિંદ પ્રસાદ સિંહાએ પેન્શનર્સ એસોસિયેશનની કામગીરીને બિરદાવી પેન્શનરોએ બેંકના વિકાસમાં આપેલ યોગદાનને યાદ કરી તેમના પ્રશ્નોના નિરાકરણ માટે હકારાત્મક અભિગમ દ્વારા નિરાકરણની ખાત્રી આપી. ઘણી અપેક્ષા અને રચનાત્મક વિચારો સાથે મિટીંગ પૂર્ણ થઇ.

અન્ય એડમિન ઓફિસો જેવી કે રાજકોટ, ભાવનગર, સુરત, ગાંધીનગર, વડોદરા એડમિન ઓફિસ ખાતે પણ સમાધાન પખવાડાની મિટીંગ યોજાઇ. તેમાં મેનેજમેન્ટ તરફથી ડીજીએમ, એજીએમ, સીએમ (એચઆર) અને અધિકારીઓની ઉપસ્થિતિમાં પેન્શનર્સ એસોસિયેશનના મોડ્યુલ ડીજીએસ સર્વશ્રી શરદચંદ્ર દવે, ભરત ભટ્ટ, રાજુ દેસાઇ, સુધીર જાની, વસ્તાભાઇ વણકર તથા કમિટી સદસ્યોની સાથે મોટી સંખ્યામાં પેન્શનરોની હાજરીમાં તમામ પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી અને ઝડપી નિરાકરણ માટે મેનેજમેન્ટ તરફથી ખાત્રી આપવામાં આવી.

## અમે ચાલતા રહ્યા !

ચર્ચા તો કશેય પહોંચવાની ક્યાં કરી જ હતી ?
મંઝિલની પડતી મૂકી વાત, અમે ચાલતાં રહ્યા !
ભીતરથી જ આવ્યો એવો સ્પષ્ટઅણસાર,
અંદરનો હતો એ આદેશ અમે ચાલતાં રહ્યા !
હવે આ તરફ જ ચાલશું, અંદરથી થયું કે ચાલ,
પૂછ્યો ન કોઇ જ સવાલ તે દિશે ચાલતા રહ્યા !
ખુદના મનનો મિજાજ સદાય રોકતો જ રહ્યો,
એ માંહ્યલાનો હતો મિજાજ અમે ચાલતાં રહ્યા !
હા, ખુલ્લી મૂકીને વખાર અમે તો ચાલતા થયા,
જોતી જ રહી ગઇ બજાર અમે ચાલતાં રહ્યા !
અમે ચોમેર નિતિમત્તાની ચેહો ભડભડતી જોઇ,
આંખના આંસુ ખોબલા ભરી ત્યાં છાંટતા રહ્યા !
ગલી, રસ્તા ને વળાંક સતત બદલતા જ રહ્યાં,
ભલે હરપલ બદલાયા હાલ અમે ચાલતાં રહ્યા !
ભલેને ભારે તિમિર, લાગતું હતું એ પથરાયેલું,
થતું ત્યાં મળવાનું છે પ્રભાત, અમે ચાલતાં રહ્યા !

- સ્વામી સદાનંદ ભારતી.

## અમદાવાદ એડમિન ઓફિસ ખાતે એસબીઆઈપીએની સ્ટ્રક્ચર મિટીંગ યોજાઈ




તા. ૧૮-૦૨-૨૦૨૬ના રોજ અમદાવાદ એડમિન ઓફિસ ખાતે સ્ટ્રક્ચર મિટીંગનું આયોજન કરવામાં આવેલ. ડીજીએમ શ્રી ગોવિંદ પ્રસાદ સિંહાના અધ્યક્ષ સ્થાને મળેલ મિટીંગમાં એજીએમ સર્વશ્રી દિપક ઝા (રિજિયન-૧), કુલદીપ ગર્ગ (રિજિયન-૨), અજય જોબનપુત્રા (રિજિયન-૩), દેવેન્દ્ર શર્મા (રિજિયન-૪), સી.એમ. (એચઆર) શ્રી વિપુલ પંચાલ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએ તરફથી પ્રમુખશ્રી આર. એન. ચોક્સી તથા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, ડીજીએસ શ્રી મુકેશ દવે, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, આસિ. ટ્રેઝરર શ્રી જગત પટેલ, કમિટી સદસ્ય સર્વશ્રી એ. કે. બથવાર, આર. વી. મકવાણા, જિકેશ પટેલ, અમરીશ હાથી, ભરત દવે હાજર રહેલ. મિટીંગની શરૂઆતમાં એસબીઆઈપીએના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી તથા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ મેનેજમેન્ટના હકારાત્મક વલણ વિશે વાત કરી. પેન્શનરોના અગત્યના પ્રશ્નો બાબતે રજુઆત કરી હતી. શ્રી કમાલ કાદરીએ ખાસ કરીને જુની એડમિન ઓફિસ સી.એન. વિદ્યાલય ખાતે ડિસ્પેન્સરી માટે કોર્પોરેટ સેન્ટરમાં પ્રપોઝલ સબમીટ થયેલ છે. તેની મંજુરી આવે ત્યાં સુધીમાં કોમર્શીયલ શાખા ખાતે કાર્યરત ડિસ્પેન્સરીને આંબાવાડી-સી.એન. વિદ્યાલય ખાતે બદલવા રજુઆત કરી હતી. જેને ડીજીએમશ્રી ગોવિંદ પ્રસાદ સિન્હાએ ઘટતું કરવાનું જણાવ્યું હતું. એજન્ડા પ્રમાણે તમામ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. ખૂબ જ સુમેળભર્યા વાતાવરણમાં સ્ટ્રક્ચર મિટીંગ સંપન્ન થઈ હતી.

## વડોદરા ખાતે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી






સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસિયેશન-વડોદરા યુનિટ, મહિલા મંડળના પેન્શનર્સ, ફેમિલી પેન્શનરો, પેન્શનર્સ ધર્મપત્નીઓ તરફથી તા. ૧૧મી માર્ચ, ૨૦૨૬ને બુધવારના રોજ આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીમાં ઉપસ્થિત બહેનોએ ગુલાબી રંગના વસ્ત્રો ધારણ કરી ૪૦ ડિગ્રીના તાપમાં ઉમળકાભેર આવી સહભાગી થયા હતા. સમગ્ર માહોલ ગુલાબી થઈ ગયો હતો. આ પ્રસંગે એસબીઆઈપીએના પ્રમુખ શ્રી રમેશભાઈ ચોક્સી અને ડે. જનરલ સેક્રેટરી શ્રી સુધીર જાનીએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રીમતી નયનાબેન સેલત, પ્રિતલ શાહે કર્યું હતું. સંકલન સૂચિતા કોઠી, હાઉસીની રમત શીલા શાહ, અન્ય રમતો હર્ષલ ઠક્કર, અંતાક્ષરી-માલતી શાહે કર્યું હતું. રમત-ગમત, ગીત સંગીત, અંતાક્ષરી અને સમાજમાં સિમાચિન્હ બનેલ મહિલાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના ફોટોગ્રાફની કામગીરી શ્રી મયંક શાહે કરી હતી. સમગ્ર કાર્યક્રમ આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.



અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ
અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
Dr. Tejas Gandhi
M S ortho (Gold medalist)
Senior Joint Replacement Surgeon
Pioneer in MICRO Knee Surgery
Fellowship SGH Hospital (singapore)
oxford university (U.K)
૨૦,૦૦૦ થી પણ વધુ
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી નો
બહોળો અનુભવ
રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી ઉપલબ્ધ
રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ના ફાયદા
સાંધાની સચોટ ગોઠવણ અને સંતુલન
નહિવત દુખાવો, અત્યંત ઝડપી રિકવરી
સિટી સ્કેન કે એમ.આર.આઈ ની જરૂરીયાત નથી
સ્નાયુ સાચવીને થતી સબવાઈસ્ટ પદ્ધતિ
સંપુર્ણ લિગામેન્ટ સંતુલન સાથે ૧૨૦° થી વધુ
વળતા સાંધા (Hiftex Joint)
KNEE PAIN I HIP PAIN માટે
ફ્રી કન્સલટેશન અને X-RAY
SBI, ESBI, PENSIONER'S AND
SPOUSE માટે કેશલેસ સુવિધા ઉપલબ્ધ
વધુ માહિતી માટે સંપર્ક કરો :- અમિત પટેલ (M) :- 7572936190, 8238136190
બીજો માળ, ઉપનિષદ કોમ્પલેક્ષ, શ્રધ્ધા હિરો શોરૂમ ની ઉપર
શ્રેયસ ફ્લાય ઓવરબ્રિજના નીચે, માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ
079 26445011, 079 26445014, www.drtejasgandhi.com

## મંથલી મિટીંગ-ભાવનગર





એસબીઆઈપીએ-ભાવનગર યુનિટ દ્વારા તા. ૧૧-૦૨-૨૦૨૬ના રોજ એડમિન ઓફિસ, નિલમબાગ, ભાવનગર ખાતે મંથલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં એસબીઆઈપીએ-ભાવનગર મોડ્યુલના ડીજીએસ શ્રી ભરતભાઈ ભટ્ટ દ્વારા ઉપસ્થિત પેન્શનરોને આવકારી લીવ એન્કેશમેન્ટમાં આઈ.ટી. રિફંડ મેળવવા માટે તેના ફોર્મેટ તેમજ જોડવાના ડોક્યુમેન્ટ વિશે માહિતી આપી હતી. આ મિટીંગમાં સર્વશ્રી આર. પી. દુસેજા, આર. પી. પટેલ, એ. એમ. ચૌહાણે ઉપસ્થિત રહી સૌને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત પેન્શનરોનો શ્રી ભાસ્કર રાઠોડે આભાર વ્યક્ત કર્યો હતો.



### એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશન આણંદ દ્વારા યુનિટ સેવાયજ્ઞ

એસબીઆઈ પેન્શનર્સ એસોસિએશન આણંદ દ્વારા સેવાયજ્ઞ તાજેતરમાં યોજાઈ ગયો. હોળી-ધુળેટી ના તહેવાર નિમિત્તે મિલ્ટન હોમ ફોર બોયઝના બાળકોને તહેવાર નો મહીમા, ઇતિહાસ ની સમજ તેમજ બેંકિંગ સેવિંગ્સ એકાઉન્ટ ખોલેજ આપવા સાથે દાદા, દાદી ના સ્નેહ સાથે નો કાર્યક્રમનુ આયોજન કરી, બાળકો તથા સંસ્થામાં કામ કરતાં બે બહેનોને સુંદર ગિફ્ટ બોક્સમાં ખજૂર, ધાણી, ચણા, ખારીશીંગ, ઓર્ગેનિક કલર, પિચકારી જેવી વસ્તુઓ ની ભેટ અર્પણ કરી હતી.

આ સેવાયજ્ઞ સંસ્થાના શ્રીમતિ પી.એન. જૈન (પ્રિન્સિપલ મેજિસ્ટ્રેટ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ), અધ્યક્ષ, એસબીઆઈ પેન્શનર્સ એસોસિએશન આણંદ યુનિટના પ્રમુખ હેમંતભાઈ ચોકસી, ઝોનલ સેક્રેટરી વિનોદરાય માવાણી ના સંચાલનમાં કારોબારીના સૌ મેમ્બર્સના સહકાર થી સેવાયજ્ઞ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.




## અભિનંદન

આપણાં એસબીઆઈપીએ-રાજકોટ મોડ્યુલના સભ્ય શ્રી મહેશભાઈ પરમારના પૌત્ર ચિ. પ્રત્યુશ પરમાર, વિદ્યાર્થીઓની બુદ્ધિપ્રતિભાને ઉજ્જવળ બનાવતી સંસ્થા Allien Rajkot ની League of Champion પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં ૯૯.૬૧% સાથે પ્રથમ નંબર આવતા એસબીઆઈપીએના તમામ સભ્યો તરફથી ચિ. પ્રત્યુશને આ ઉત્તમ સિદ્ધિ હાંસલ કરવા બદલ હાર્દિક અભિનંદન. પ્રત્યુશની મહેનત અને પ્રતિભા દરેક બાળકો માટે પ્રેરણાસ્ત્રોત બને તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે આવું જ તેજસ્વી પ્રદર્શન કરતા રહો એવી શુભકામનાઓ.



## અભિનંદન

એસબીઆઈપીએ-ભાવનગર યુનિટના સદસ્ય શ્રીમતી કલ્પનાબેન ત્રિવેદી ભાવનગરમાં યોજાયેલી Carysil Bhavnagar મેરેથોન દોડમાં દસ કિલોમીટર દોડ પ્રતિયોગિતામાં એક કલાક અને બાવીસ મિનિટ અને ચુમ્માળીસ સેકંડમાં પૂર્ણ કરી સિનિયર સિટીઝનમાં પ્રથમ આવ્યા. તે બદલ તેમને રૂા. ૧૦,૦૦૦/-ની રકમ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા. આ પ્રતિયોગિતા જીતવા બદલ એસબીઆઇ પેન્શનર્સ એસોસિયેશન-ગાંધીનગર સર્કલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## અમારી ત્રણ વર્ષની વિકાસ યાત્રાના પગથિયાઓ...

### અવિરત પ્રગતિનો હર્ષ, સુશાસનના ત્રણ વર્ષ

**"મૃદુ નેતૃત્વમાં, મક્કમ ટીમનો એક માત્ર સંકલ્પ. વિકસીત એસોસીએશન, વિકસીત પેન્શનર"**

**"એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, ગાંધીનગર સર્કલે આંબ્યું વિકાસનું શિખર"**

૧. તમામ જિલ્લાઓમાં નિયમિત પેન્શનર્સ મીટનું આયોજન અને લગ્નજીવના ૫૦ વર્ષ અને ૭૦થી ઉપરની ઉંમરના પેન્શનર્સ મિત્રોનું અભિવાદન.

૨. અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, સુરત, વલસાડ અને અન્ય જિલ્લાઓમાં પેન્શનર્સ મિત્રો માટે ઉપયોગી બાબતો માટે નિયમિતપણે મંથલી મીટીંગનું આયોજન કરવામાં આવે છે અને વડોદરામાં નિયમિત-પણે જન્મોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.

૩. સમાયાંતરે સર્કલ મેનેજમેન્ટ સાથે સ્ટ્રક્ચર મિટીંગ દ્વારા પેન્શનર્સના પ્રશ્નોનું ફોલોઅપ લઈને ઉકેલ માટેના શ્રેષ્ઠ પ્રયાસો કરવામાં આવ્યા.

૪. તમામ જિલ્લાઓમાં બેંકની નીતિ મુજબ જિલ્લા કક્ષાના શારીરિક નિદાન કેન્દ્રો શરૂ કરવાના સઘન પ્રયત્નો કર્યા.

૫. અમદાવાદ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે નાટક શોનુ આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ તથા વડોદરા ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું.

૬. એસબીઆઈપીએના બંધારણમાં સુધારો કરીને વહીવટી કમિટીના સભ્યો માટે ૭૫ વર્ષની મહત્તમ મર્યાદા દાખલ કરવાનો ઠરાવ મંજુર કરવામાં આવ્યો.

૭. સેમિનાર તથા વેબીનારના માધ્યમથી એચઆરએમએસ, ફાર્મસી, ડીઝિટલ લાઈફ સર્ટીફીકેટ, યોનો જેવા ડિજીટલ પ્લેટ ફોર્મના ઉપયોગ કરવા માટે શિક્ષિત કરવામાં આવ્યા.

૮. અમદાવાદ સર્કલમાંથી નિવૃત્ત થયેલા અને નિવૃત્ત થનારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને એસબીઆઈપીએ પરિવારમાં સામેલ કરવા અવિરતપણે સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.

૯. "પેન્શનર્સ પ્રકાશ" દર મહિને નિયમિતપણે પેન્શનર્સને મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી. ઉપરાંત પેન્શનર્સના હિતોની ખૂબ જ ઉપયોગી માહિતી તેમજ એસબીઆઈપીએ કામગીરીની સવિસ્તાર માહિતી પ્રસારિત કરવામાં આવે છે.

૧૦. તમામ મોડ્યુલમાં એસબીઆઈપીએની ઓફિસ મેળવવામાં આવી.

૧૨. બેંકમાં વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી નિવૃત્ત સભ્યોના બેંકમાં દરેક જગ્યાએ માન-સન્માન જાળવવા માટે મેનેજમેન્ટને કાર્યવાહી દરેક તબક્કે કરવા જણાવવામાં આવ્યું.

૧૩. ઈ-એસબીએસના મર્જર સમયે પડતર પ્રશ્નો બાબતે પણ ઈ-એસબીએસના ટોચના નેતાઓ સાથે પ્રશ્નોની ચર્ચા દ્વારા માહિતી મેળવી સર્કલ લેવલે અને કોર્પોરેટ લેવલે ધારદાર રજુઆત દ્વારા ઉકેલ લાવવાના ઘનિષ્ઠા પ્રયાસો ચાલુ છે.

- ઈ-એસબીએસના પી.એફ. મેડીકલ સ્કિમ અને રિટાયર્ડ એમ્પ્લોઈઝ મેડીકલ સ્કિમ જે મર્જરથી રીવીઝન પેન્ડીંગ છે તેમાં એસબીઆઈપીએના પ્રયત્નો થકી ઉપરોક્ત બંને સ્કિમનું રીવીઝન એપ્રુવલ સ્ટેજ પર છે.
- ૧૨ વેતન કરારમાં નક્કી થયા પ્રમાણે ઈ-એસબીએસના સાત રિઝાઈનરી રિટાયરીઓને એસબીઆઈપીએના પ્રયત્નોથી બેંક તરફથી પેન્શન સ્કિમમાં દાખલ કરી રેગ્યુલર મંથલી પેન્શન ચાલુ થયેલ છે.

૧૪. અમદાવાદમાં બે અને વડોદરામાં એક ૩૦૦૦ થી વધુ સભ્યોની હાજરીવાળી શાનદાર વાર્ષિક કોન્ફરન્સ યોજવામાં આવી.

૧૫. તમામ સર્કલોમાં ડિસેબલ્ડ ચાઈલ્ડના કેસોમાં આપણાં જનરલ સેક્રેટરી કોમરેડ કમાલ કાદરીના અવિરત પ્રયત્નોથી અભૂતપૂર્વ સફળતા સાંપડેલ છે. આપણાં સર્કલમાં ૫૭થી વધારે ડિસેબલ્ડ બાળકોને કોર્પોરેટ સેન્ટર તરફથી મંજુરી મળેલ છે. તેમાંથી દસેક ડિસેબલ્ડ બાળકોને હાલમાં ફેમિલી પેન્શનની ચૂકવણી થઈ રહી છે અને તેમને માતબર એરિયર્સની રકમ પણ મળેલ છે.

૧૬. સભ્યોના લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરવામાં SBIPAની ટીમ દ્વારા તમામ જિલ્લાઓમાં ઓનલાઈન વિડીયોબેઝ લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરવામાં સમયબદ્ધ કાર્યવાહી કરવામાં આવી.

૧૭. દર વર્ષે જાન્યુઆરી માસમાં મેડિકલ હેલ્થ પોલિસી 'બી' ઓનલાઈન રિન્યુઅલ માટે રજાના દિવસોમાં પણ કામગીરી દ્વારા મોટાભાગના સભ્યોને આવરી લેવાયા.

૧૮. જે સાથીઓ બેંકમાંથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં હોઈ બેંક દ્વારા તેમને ટ્રેનીંગ આપવામાં આવે છે. ટ્રેનીંગ સમયે એસબીઆઈપીએની ટીમ દ્વારા નિવૃત્તિ પછીના લાભો તેમજ

ઈન્વેસ્ટમેન્ટ અને ઈન્સ્યોરન્સ અંગે માહિતગાર કરી યોગ્ય માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

૧૯. **એસબીઆઇ ટ્રીબ્યુટ :** ઈ-એસબીએસમાં "શ્રદ્ધાંજલિ" યોજના અમલમાં હતી તે મર્જર પછી બંધ કરવામાં આવી હતી. મર્જર પછી એસબીએસ ફોરમના પ્રતિનિધિઓએ તે શરૂ કરાવવા પ્રયત્નો કરેલ જેને સફળ બનાવવા એસબીઆઈપીએ-અમદાવાદ અને ફેડરેશનના સંયુક્ત અથાગ પ્રયત્નો દ્વારા આ યોજના ફરી શરૂ કરવામાં આવી છે. એસબીઆઈ પેન્શનર્સની લાંબા સમયની માંગનો બેંક દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો. જે અનુસાર બેંકના નિવૃત્ત કર્મચારી/પેન્શનરનું અવસાન થાય ત્યારે તેમના પરિવારને તાત્કાલિક નાણાંકીય તેમજ આપત્તિના સમયમાં મદદરૂપ થવા માટે બેંક દ્વારા **તા. ૨૩-૦૭-૨૦૨૫**ના રોજ **'SBI TRIBUTE'** યોજનાનો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો. ઉપર દર્શાવેલ પરિપત્ર અનુસાર પેન્શનર્સના મૃત્યુની સુચના મળ્યાના ૭૨ કલાકની અંદર કૃતજ્ઞતા અને સહાયતાના ઉદ્દેશથી રૂા. ૩૦,૦૦૦/- પરિવારને આપવામાં આવશે. જે માટે બેંકના અધિકારી, પેન્શનર્સ એસોસીએશનના સ્થાનિક પ્રતિનિધિ સાથે શોક ગ્રસ્ત પરિવારની મુલાકાત લઈને તેમને શાંત્વના પાઠવશે અને કૃતજ્ઞતા અને સહાયની રકમ અર્પણ કરશે. પરિપત્ર બાદ અત્યાર સુધીમાં અવસાન પામેલ પેન્શનરોને રૂા. ૩૦,૦૦૦/-ની ચૂકવણી કરવામાં આવેલ છે.

૨૦. **સમાધાન પખવાડા :** ઘણાં સમયથી પેન્શનરોના પડતર પ્રશ્નોના નિકાલ માટે પેન્શનર્સ એસો.ના અથાગ પ્રયત્નોના ફળસ્વરૂપ ૨૦૨૩ થી કોર્પોરેટ સેન્ટર દ્વારા સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવ્યું. તે અનુસાર હેડ ઓફિસ તેમજ તમામ એડમિન ઓફિસોમાં અવિરતપણે ત્રિમાસિક સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં અત્યાર સુધીમાં ઘણાં પડતર પ્રશ્નોનું બેંક મેનેજમેન્ટ નિરાકરણ કરવામાં આવેલ છે.

૨૧. **ભૂખ હડતાળ-ધરણા :** પેન્શનર્સ એસો.ના ઈતિહાસમાં પ્રથમવાર પેન્શન વધારાની માંગણી સાથે તા. ૦૫-૦૮-૨૦૨૫ના રોજ ગાંધી આશ્રમ પાસે એસબીઆઇ પેન્શનર્સ એસો. દ્વારા ભૂખ હડતાળ, ધરણાં, સૂત્રોચ્ચાર અને દેખાવો યોજાયા. ભૂખ હડતાળમાં બેસવા તથા સપોર્ટ કરવા પેન્શનરોનો માનવ મહેરામણ ઉમટ્યો હતો. અસહ્ય ગરમીની પરવા કર્યા વગર ઉપસ્થિત દરેક પેન્શનર્સના હૈયામાં અદમ્ય જોમ અને ઉત્સાહની પ્રતિતિ થઈ.

૨૨. **એસબીઆઈપીએની વેબસાઈટ :** આપણી ટીમના સંકલ્પપત્ર મુજબ એસબીઆઈપીએના પરિવારના સભ્યોને અદ્યતન અને અતિઉપયોગી માહિતી સરળતાથી મળી રહે તે માટે એસબીઆઈપીએની વેબસાઈટ બનાવવામાં આવેલ છે. તેનો શુભારંભ એસબીઆઈપીએના સ્થાપના દિવસ તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ કરવામાં આવેલ. તે વેબસાઈટનું નામ sbipaahm.com રાખેલ છે.

૨૩. **મેડીકલ કેમ્પ :** ત્રણ વર્ષ દરમિયાન પેન્શનરોના સ્વાસ્થ્ય માટે અમદાવાદ તેમજ વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, ગાંધીનગર ખાતે ફ્રી મેડીકલ નિદાન કેમ્પ અને હેલ્થ ચેકઅપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ખાસ તા. ૩૧મી ઓગષ્ટ ૨૦૨૫ના રોજ એસબીઆઈપીએના સ્થાપના દિવસે અમદાવાદમાં થેલેસેમિયા ગ્રસ્ત ૧૦૦ બાળકોનો બ્લડ ટ્રાન્સફ્યુજન માટે રેડક્રોસ સોસાયટી અમદાવાદને રૂા. ૭૫,૦૦૦/- દાન પેટે આપેલ.

૨૪. **સમાજીક સેવા :** એસબીઆઈપીએના તમામ મોડ્યુલ યુનિટો દ્વારા સામાજીક સેવાના કાર્યો કરવામાં આવી રહ્યાં છે. ઉત્તરાયણના સમયે ગરીબ બાળકોને તલ-ચિક્કી, પતંગ-ફીરકી વિતરણ, શિયાળામાં ફૂટપાથ પર સૂતા ઘરવિહોણા વ્યક્તિઓને ધાબળા વિતરણ, ઉનાળાની ગરમીમાં રાહદારીઓને છાશ તેમજ સ્લીપર વિતરણ, દિવાળી પર ગરીબ બાળકોને મિઠાઈ વિતરણ, ૧૪મી એપ્રિલે રક્તદાન શિબિર વિગેરે સામાજીક સેવાના કાર્યો કરવામાં આવી રહ્યાં છે.

કોઈ પણ કાર્ય માટે સૌને સાથે રાખીને ચાલનારા ઉત્સાહી, અનુભવી, કર્મઠ, અભ્યાસુ લોકપ્રિય જનરલ સેક્રેટરી કોમરેડ કમાલ કાદરી અવિરતપણે સભ્યોના જીવંત સંપર્કમાં રહે છે.

પેન્શન-ફેડરેશનમાં નવી ટીમના ગઠનમાં ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવનાર કોમરેડ કમાલ કાદરી વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સૌથી વધુ મતોથી ચૂંટાઈ આવ્યા.

ત્રણ વર્ષમાં સભ્યોનો અપ્રિતમ પ્રેમ, સ્નેહ, લાગણી, આશિર્વાદ મેળવી એસબીઆઈપીએને જીવંત, ધબકતું અને સર્કલ અને ફેડરેશન લેવલે ગુંજતું કરનાર સભ્યો પ્રેમી સુકાની કોમરેડ કમાલ કાદરી અને કોમરેડ આર. એન. ચોક્સીએ સમગ્ર ટીમને માર્ગદર્શન આપેલ છે.

આપ સૌના અતૂટ વિશ્વાસ અને શ્રધ્ધાનાં પરિણામ સ્વરૂપ ત્રણ વર્ષ અગાઉ સંકલ્પ પત્રમાં રજૂ કરવામાં આવેલા તમામ મુદ્દાઓ અને તે સિવાયના સભ્યોના કલ્યાણલક્ષી કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા તે માટે તમામ પેન્શનર્સ મિત્રોને અને એસબીઆઈપીએની ટીમને ખૂબ ખૂબ અભિનંદન અને આજ રીતે આપનો સ્નેહ અવિરત મળતો રહેશે એજ અભિલાષા સાથે...

**ટીમ એસબીઆઈપીએ**


SHAH DENTAL CLINIC
LASER & IMPLANT CENTRE
Dr. Nirmit Shah
BDS MDS FELLOW IMPLANTOLOGY (NYU,USA). MIBOI.
Dr. Ami Shah
(BDS, RGUHS)
Root Canal Specialist
& Cosmetic Dentist
Treatments Available
• Dental Implants
• LASER Dental Treatment
• Replacement of teeth like natural teeth
• From no teeth to all teeth in 72 hours
• Invisible brace For misaligned teeth
• Wisdom tooth surgery (Painless)
• Life time FREE consultation for Pensioner Association
• 50% OFF on Dental X-rays
• 10% to 20% OFF on all dental treatments
Coming Soon AT SOUTH BOPAL
0% EMI facility available for every dental treatment
Special Treatments
World best dental scanner, and digital scanning
360° Full mouth digital X-ray
Guided digital dental implant
- 9016447332
FF/7, Krishna Avenue, BRTS Bus Stand, Gopal Chowk Cross Road, Bhairavnath Road, Maninagar, Ahmedabad


PHOENIX HOSPITAL, NARODA
ફીનિક્સ હોસ્પિટલ, નરોડા
મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
૫૫
બેડ સાથેની હોસ્પિટલ
૨૪
બેડ આઇ.સી.યુ.
૨૪
બેડ વોર્ડ (જેમાં સ્પેશીયલ, સેમી સ્પેશીયલ, અને જનરલ રૂમ)
૨
ઓપરેશન થીયેટર (મોડ્યુલર અને જનરલ)
ફુલ ટાઈમ ઇન્ટેન્સિવિસ્ટ દ્વારા થતી સારવાર
PHOENIX HOSPITAL
24 hr EMERGENCY
NABH
EMERGENCY એટલે PHOENIX HOSPITAL
કેશલેસ - મેડીક્લેમ સુવિધા ઉપલબ્ધ
SBI general INSURANCE
અને અન્ય 30+ કંપનીઓ*
+91 87349 00444 ઈમરજન્સી
+91 87348 00444 રિસેપ્શન
+91 70690 80444 મેડીક્લેમ
બીજો અને ત્રીજો માળ, ૨૩૯ થી ૨૫૨, અને ૩૨૩ થી ૩૨૫, સી.ટી. સેન્ટર આર્કેડ, એપ્પલ હોસ્પીટલની નીચે, એસ.આર.પી. કેમ્પસ, નરોડા પાટીયા, નરોડા હાઇવે, કૃષ્ણનગર, અમદાવાદ-૩૮૨૩૩૦, ગુજરાત

# મંથલી મિટીંગ-અમદાવાદ



એસબીઆઈપીએ-અમદાવાદ દ્વારા માર્ચ મહિનાની મંથલી મિટીંગ તા. ૧૮-૦૩-૨૦૨૬ના રોજ એડમિન ઓફિસ, સ્ટાફ કેન્ટીન, બીજો માળ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજાઈ. આ મિટીંગમાં 'એપીક હોસ્પિટલ'ના નેફ્રોલોજીસ્ટ ડો. આર. કે. મેન્ડોત ઉપસ્થિત રહી વૃદ્ધાવસ્થામાં કીડનીની સમસ્યા વિશે પ્રેઝન્ટેશન રજુ કરેલ. ઉપરાંત ઉપસ્થિત પેન્શનરોનાં પ્રશ્નોના ઉદાહરણ સાથે જવાબ આપ્યા હતા. ઉપરાંત મેડી આસીસ્ટ તથા આનંદ રાઠીનાં અધિકારીઓએ પેન્ડીંગ બીલો વિશે માહિતી રજુ કરી હતી અને ઉપસ્થિત પેન્શનરોનાં પેન્ડીંગ બીલો બાબતે ઝડપથી ચુકવણી માટેની ખાત્રી આપી હતી. જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પણ ફેડરેશન દ્વારા આપવામાં આવેલી જવાબદારી વિશે જણાવ્યું હતું. જેમાં પેન્શનર્સ એસો.ની દિલ્હી સર્કલની ચૂંટણી કરાવવાની જવાબદારી હોઈ તેની કાર્યવાહી પૂર્ણ કરવાની વાત કરી હતી. ઉપરાંત પેન્શનરોનાં પેન્ડીંગ બીલો બાબતે એસબીઆઈપીએ દ્વારા સતત મેડી આસીસ્ટનાં ઉપરી અધિકારીઓ સાથે ચર્ચા ચાલતી હોઈ એક અઠવાડિયામાં તમામ પેન્ડીંગ બીલોની ચુકવણી કરવામાં આવશે એમ જણાવેલ. એસબીઆઈપીએના વાઈસ પ્રેસિડેન્ટ સર્વશ્રી પી. જી. પારઘી, ચિંતક પટેલ, જો. જન. સેક્રેટરી સર્વશ્રી ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, સંગઠન મંત્રીશ્રી કે. વી. શાહ, ટ્રેઝરરશ્રી રવિ સોલંકી કમિટી સદસ્યો સર્વશ્રી એ. કે. બથવાર, કે. એન. મહેતા, મહેન્દ્ર ચૌહાણ, રાજુ શાહની સાથે મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યા હતા.






# રસપ્રદ અને માહિતીપૂર્ણ ઘટનાઓ ડોક્ટરના મુખેથી...

Q રમેશભાઈ ઓછું દેખાતું'તું અને આંખમાંથી પાણી પડતું'તું એટલે આંખના ડોક્ટરને બતાવવા ગયા. એમના મનમાં ગૂંચવણ એ હતી કે એમણે ૪ જુદી જુદી જગ્યાએ બતાવ્યુ હતું. અને નિદાનમાં સહેજ સહેજ ફરક આવતો'તો. એ પોતે ગૂંચવાઈ ગયા'તા કે અમુક ડોક્ટર એમને એવું કહ્યું કે એમને મોતિયો છે અને ઓપરેશન કરાવવું જોઈએ. અને અમુક ડોક્ટર એવું કહે છે કે હાલ કઈ ખાસ ઓપરેશનની જરૂર નથી. તો રમેશભાઈ એ શું કરવું જોઈએ?

A આવા ઘણા દર્દી આવે છે કે જે ગૂંચવાયેલા હોય છે. આમાંથી એક પણ જવાબ ખોટા નથી. નિર્ણય દર્દી અને તેમના ડોક્ટરે સાથે મળીને કરવો જોઈએ. આંખમાં એક લેન્સ છે કે જે કેમેરાની જેમ ફોટા પાડે છે. ઉંમરની સાથે સમયની સાથે અંદરનો આ ફોટા પાડવાવાળો લેન્સ દૂધિયો થતો જાય છે અને જોવાનું ધીમે ધીમે ઝાંખું થતું જાય છે.શરૂઆતમાં ઓછા પ્રકાશમાં અને સામેથી લાઈટ આવે ત્યારે જોવાની વધારે અગવડ પડે છે. જે લોકોની એકદમ એક્ટિવ લાઈફ હોય,વહેલી સવારે કે સમી સાંજે વાહન ચલાવવું પડતું હોય અથવા તો વાહન ચલાવવાનો વ્યવસાય હોય એ લોકોએ આ સમયે ડોક્ટર સાથે મળી અને અધ્યતન ટેકનોલોજી સાથે આંખનું ઓપરેશન કરવી લેવું જોઈએ. કેટલાક મોતિયા ઉંમર સાથે ધીમે ધીમે વધ્યા કરે છે જેવા કે ન્યુક્લિયર કેટરેક્ટમાં શરૂઆતમાં જોવાની બહુ તકલીફ નથી પડતી. ચશ્માના નંબર ચેન્જ કરી અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. અલબત્ત જેમ ઉંમર સાથે વધે છે, માથાના વાળ સફેદ થાય તેમ મોતિયો સમય સાથે વધે જ છે. પરંતુ થોડા ઘણા અંશે ઝાંખું થવાની સમસ્યાને યોગ્ય ચશ્મા આપીને નિભાવી શકાય છે અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. પણ આવા મોતિયામાં પણ થોડાક મહિનાઓમાં કે થોડાક વર્ષોમાં જોવાનું વધુ ઝાંખું લાગે છે, રસ્તા પરના બોર્ડ ઝાંખા દેખાય છે, પોતાના ઓળખીતા લોકો પણ નજીક આવે પછી ઓળખાય છે. દરેક વ્યક્તિએ એક પછી એક આંખ બંધ કરીને નજર માપવી જોઈએ. જેથી એક આંખે ખાસો એવો મોતિયો વધી જાય ત્યાં સુધી ખબર ના પડે અને કોમ્પ્લિકેશન થાય એવું ના થાય. મોતિયાના ઓપરેશનને વહેલું કરવું પણ જરૂરી નથી અને મોડું થવા દેવું પણ જરૂરી નથી. જો સમયસર અધ્યતન નવીનતમ ટેકનોલોજીથી મોતિયાનું ઓપરેશન કરવામાં આવે તો તરુણ જેવી સ્પષ્ટ અને ધારદાર નજર પાછી આપી શકાય છે. તરુણને જેમ નજીક-દૂરના કે બેતાળાના ચશ્મા ના હોય, તેવી જ રીતે નવા જમાનાના વડીલો કે જે મોતિયાના ઓપરેશન કરાવે છે તો નેત્રમણીનું પ્રત્યારોપણ જ એવી રીતે કરવામાં આવે કે નજીક-દૂરના ચશ્મા ઉપર બિલકુલ આધાર ના રહે. ઓપરેશનમાં ખુલ્લી આંખે અંદર જવાનું, ખુલ્લી આંખે બહાર આવવાનું, પાટો નહીં, પટ્ટી નહીં, કાળા ચશ્મા નહીં, ઈન્જેકશન નહીં, બે કલાકમાં રસોઈ પણ કરી શકાય, ટીવી પણ જોઈ શકાય અને વાહન પણ ચલાવી શકાય. બીજા દિવસે મોટા ભાગના લોકો પોતાના રૂટિન કામે ઓફિસ જવાનું કે વાહન ચલાવવાનું કામ ચાલુ કરી દેતાં હોય છે.

ડૉ. તેજલ દલાલ
M.S. (Ophthal.) Member of American Academy

છેલ્લા 20 વર્ષથી SBI પેન્શનરોને સેવા આપી રહ્યા છે.

ગાંધીનગર | વિજય ચાર રસ્તા | ચાંદખેડા | મોડાસા | સાગવાડા
એપોઈન્ટમેન્ટ બુક કરવા માટે
77780 57500

Celebrating 25 of Visionary Care!
TEJ EYE CENTER
THE EYE HOSPITAL

With Best Compliments
from

Dr. Manjit Sing Bhalla

Dental Surgeon (B.D.S.)
to

SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE

Bhalla Dental Clinic and Implant Centre

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm

Note : Free Consultation for All SBI Pensioners

## શું આપે લેવી / ડોનેશનની રકમ જમા કરાવી ?...

મિત્રો, આ બાબતની સતત જાણ આપને કરતા આવ્યા છીએ. આપ સૌને મળેલ લાભની રકમથી (એક્સગ્રેસિયા અને ૪૦% થી ૫૦% વધારા) પેન્શનમાં વધારો થવાથી આપ સૌ ખુશ છો જ. હવે પેન્શનર્સ એસોશિયેશનને પોતાની જવાબદારી નિભાવવા આપના સહકારની જરૂરિયાત છે. તે માટે આપને ફરીવાર યાદ અપાવીએ છીએ કે આપની લેવી/ડોનેશનની રકમ જમા કરાવવાની બાકી હોય તો વિના વિલંબે તુરંત જ ઓનલાઈન અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી કરીએ છીએ. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી.

**Name : SBI Pensioners Association** **Account No. : 30855862333**

**Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)**

**Branch IFSC Code: SBIN0000301**

**PF No. : __________ Name : ____________________________ MOBILE No. : __________________**

### LEVY / DONATION

જે મિત્રોએ તા.૦૧-૨-૨૦૨૬થી ૨૮-૨-૨૦૨૬ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે છે. જેઓએ તા. ૨૮-૦૨-૨૦૨૬ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે, તેઓના નામ એપ્રિલ માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.

| Date | P F No. | Name of the Pensioner / Firm | Credit | Receipt |
|---|---|---|---|---|
| | | **LEVY** | | |
| 10-Feb-26 | 8278113 | NAUTAMRAY M JOSHI | 10000.00 | 28907 |
| 16-Feb-26 | 5190312 | PREMJI MESURBHAI GOHIL | 10000.00 | 28917 |
| 16-Feb-26 | 1706071 | BIHARILAL S. RAGHANI | 3350.00 | 28918 |
| 19-Feb-26 | 8261202 | RAMESHCHANDRA B. MAYANI | 3000.00 | 28931 |
| 07-Feb-26 | 1711121 | JASWANTKUMAR J SONI | 2500.00 | 28891 |
| 17-Feb-26 | 433527 | ARVINDBHAI BHOGILAL THAKKAR | 2500.00 | 28922 |
| 17-Feb-26 | 1707019 | FRANKLIN S. GURJAR | 2200.00 | 28923 |
| 19-Feb-26 | 5176611 | PRADIPKUMAR PRABHULAL SHETH | 2000.00 | 28929 |
| 19-Feb-26 | 1749358 | DIVYA P. SHETH | 2000.00 | 28930 |
| 03-Feb-26 | 2883732 | UMAKRISHNAKANT PATEL | 1900.00 | 28876 |
| 07-Feb-26 | 8261989 | ABHESING V. SOLANKI | 1500.00 | 28901 |
| 20-Feb-26 | 3505952 | PRAVINKUMAR M. PARMAR | 1500.00 | 28939 |
| 19-Feb-26 | 3507114 | MAHESHBHAI G. CHAVDA | 1100.00 | 28926 |
| 04-Dec-25 | 2898047 | JAYANT GUNVANTRAI CHAUHAN | 1000.00 | 28933 |
| 07-Feb-26 | 3506312 | FAZALMOHAMMED V MOMIN | 1000.00 | 28892 |
| 07-Feb-26 | 5188121 | BIPIN MANILAL SHIHORI | 1000.00 | 28900 |
| | | **DONATION** | | |
| 27-Feb-26 | 5198356 | BABUBHAI GANGARAM VANKAR | 11000.00 | 28945 |
| 27-Feb-26 | 2883694 | MAYANK D. RASMIYA | 2500.00 | 28948 |
| 27-Feb-26 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 2000.00 | 28947 |
| 28-Jan-26 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000.00 | 28871 |
| 28-Jan-26 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000.00 | 28872 |
| 28-Jan-26 | 2909707 | CHARANJITSINGH G. NATT | 501.00 | 28873 |
| 27-Feb-26 | 713392 | VIRENDRA J. SHUKLA | 501.00 | 28946 |
| 19-Feb-26 | 3502155 | KIRIT RAMESHCHANDRA BHATT | 500.00 | 28927 |
| 19-Feb-26 | 5234840 | RAJESHBHAI DHULABHAI VALAND | 500.00 | 28928 |
| 20-Feb-26 | 713589 | NARESHCHANDRA R. SHAH | 500.00 | 28940 |



## પ્રભુશરણ

| ક્રમ | પી.એફ.નં. | પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ | સ્થળ | મોબાઈલ | અવસાન તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | ૫૨૧૦૦૩૮ | સંજયકુમાર સનાભાઈ મકવાણા | અમદાવાદ | ૯૭૨૭૬૧૯૪૩૭ | ૨૨-૦૨-૨૦૨૬ |
| ૨. | ૫૨૩૯૯૧૫ | જીલુબેન વિભાજી સોઢા | જામનગર | ૯૯૧૩૭૯૦૭૧૨ | ૨૭-૦૨-૨૦૨૬ |
| ૩. | ૮૨૬૨૬૯૧ | અનિરૂદ્ધભાઈ શંકરલાલ માંકડ | જામનગર | ૯૮૭૯૮૩૪૪૮૭ | ૦૩-૦૩-૨૦૨૬ |
| ૪. | ૧૭૧૧૪૫૮ | હરીનભાઈ કે. શાહ | અમદાવાદ | ૯૨૨૭૨૫૧૪૯૯ | ૦૪-૦૩-૨૦૨૬ |
| ૫. | ૭૩૫૫૫૮ | મધુબેન ભરતભાઈ શાહ (ભરતભાઈ શાહના પત્ની) | અમદાવાદ | ૯૪૨૮૧૦૫૧૨૩ | ૦૫-૦૩-૨૦૨૬ |
| ૬. | ૨૮૯૬૫૭૫ | નિશા નવીનચંદ્ર ભટ્ટ (એન. કે. ભટ્ટના પત્ની) | મહેસાણા | ૯૮૨૪૩૩૦૧૬૩ | ૦૨-૦૩-૨૦૨૬ |
| ૭. | ૭૩૧૫૩૬ | વિઠ્ઠલભાઈ હરગોવિંદદાસ પટેલ | મહેસાણા | ૯૯૨૫૯૭૦૭૦૫ | ૨૨-૦૨-૨૦૨૬ |
| ૮. | ૭૩૯૦૫૭ | ભારતીબેન એન. ભાવસાર (નવીનચંદ્ર ભાવસારના પત્ની) | આણંદ | ૯૪૨૯૦૭૧૧૨૭ | ૨૭-૦૨-૨૦૨૬ |
| ૯. | ૧૭૧૭૭૫૮ | ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ ઠાકર | આણંદ | ૯૯૨૪૯૧૩૬૪૨ | ૦૫-૦૩-૨૦૨૬ |
| ૧૦. | ૭૪૦૪૮૯ | પી. મોહનરાજન | અમદાવાદ | ૯૮૭૯૪૭૬૨૬૮ | ૦૭-૦૩-૨૦૨૬ |
| ૧૧. | ૧૭૦૩૪૪૭ | એન. એફ. ઉજ્જૈની | અમદાવાદ | ૯૪૨૮૧૭૪૨૫૨ | ૦૫-૦૩-૨૦૨૬ |
| ૧૨. | ૭૪૨૨૬૦ | એમ. એ. ગોનસાલવેસ | અમદાવાદ | ૯૮૯૮૭૦૧૮૯૩ | ૨૩-૦૨-૨૦૨૬ |
| ૧૩. | ૭૦૯૯૭૨ | મુકુંદ કે. પટેલ | ગાંધીનગર | ૯૪૨૭૩૨૧૧૨૮ | ૧૭-૦૨-૨૦૨૬ |
| ૧૪. | ૧૭૧૭૭૭૪ | મુકુંદ ડી. આનંદ | કલોલ | ૮૨૩૮૦૮૭૬૦૨ | ૩૧-૧૨-૨૦૨૬ |
| ૧૫. | ૭૩૫૫૬૬ | અરૂણાબેન કનકપ્રસાદ ત્રિવેદી (કનકભાઈ પી. ત્રિવેદીના પત્ની) | અમદાવાદ | ૯૯૨૫૭૮૮૬૭૯ | ૦૫-૦૩-૨૦૨૬ |
| ૧૬ | ૭૩૪૦૫૫ | પ્રકાશ ગણેશ વિધ્વંસ | અમદાવાદ | ૯૯૯૮૧૦૭૧૨૩ | ૦૮-૦૩-૨૦૨૬ |
| ૧૭. | ૧૭૨૯૨૮૪ | બાબુભાઈ એમ. પટેલ (તેજલાવ) | ચિખલી | ૯૯૭૪૬૬૧૭૭૨ | ૦૪-૦૩-૨૦૨૬ |
| ૧૮. | ૭૦૮૬૬૬ | અશોક ઈશ્વરભાઈ મહેતા | ચિખલી | ૭૮૭૪૦૨૨૫૮૧ | ૦૧-૦૩-૨૦૨૬ |
| ૧૯. | ૭૦૦૮૭૮ | બેહરામ જે. વાલોડવાલા | નવસારી | ૯૩૭૫૯૮૫૦૨૪ | ૩૧-૧૨-૨૦૨૫ |
| ૨૦. | ૨૮૧૦૦૯૩ | કલ્પના વાય. ખત્રી | નવસારી | ૯૯૭૯૭૩૩૭૬૪ | ૦૯-૦૨-૨૦૨૬ |
| ૨૧. | ૭૧૨૬૯૮ | દક્ષાબેન રશ્મીકાન્ત શાહ (રશ્મીકાન્ત શાંતિલાલ શાહના પત્ની) | અમદાવાદ | ૯૮૯૮૩૯૩૦૨૮ | ૧૧-૦૩-૨૦૨૬ |
| ૨૨. | ૭૧૦૨૧૦ | મંજુલાબેન જે. પટેલ (જે. એ. પટેલના પત્ની) | અમદાવાદ | ૯૯૨૪૪૪૪૪૪૨ | ૧૦-૦૩-૨૦૨૬ |
| ૨૩. | ૩૬૮૦૨૪ | પ્રેમિલાબેન બી. પંડ્યા | ન્યુજર્સી | યુએસએ | ૧૧-૦૩-૨૦૨૬ |
| ૨૪. | ૮૨૬૮૧૧૮ | ગિરધરલાલ જમનાદાસ તીલાવટ | ઉપલેટા | ૮૩૨૦૨૬૫૫૪૯ | ૦૮-૦૩-૨૦૨૬ |
| ૨૫. | ૮૨૭૮૪૫૮ | નિરંજન નટવરલાલ ધોળકીયા | ગોંડલ | ૯૪૦૮૧૧૦૯૬૦ | ૧૨-૦૩-૨૦૨૬ |
| ૨૬. | ૮૨૭૦૪૦૬ | ઈબ્રાહીમભાઈ જે. સૈયદ | ભાવનગર | ૭૯૮૪૦૩૦૬૮૩ | ૧૫-૦૩-૨૦૨૬ |
| ૨૭. | ૭૩૩૪૯૦ | જયકિશન જે. ધીમર | ગણદેવી | | ૨૨-૦૧-૨૦૨૬ |
| ૨૮ | ૫૧૭૭૩૭૫ | રમેશગીરી આર. ગોસાઈ | ભૂજ | ૯૯૭૮૪૫૩૮૩૩ | ૧૮-૦૩-૨૦૨૬ |

**પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**

**ખાસ નોંધ : પેન્શનર્સના અવસાનની માહિતી આપનારે પેન્શનર્સનું પુરૂં નામ, પી.એફ. નંબર અને મોબાઈલ નંબર અવશ્ય જણાવવો.**

**શ્રદ્ધાંજલિ** **સ્વ. જીગ્નેશકુમાર જેઠાલાલ વડુકર (કેશોદ, જી. જુનાગઢ) • જન્મ: ૦૩-૧૦-૭૯ • સ્વર્ગવાસ : ૨૫-૧૨-૨૦૦૩**



આપણા પેન્શનર્સ પરિવારના સભ્ય અને દાતા **શ્રી જે. જી. વડુકર માતૃશ્રી નર્મદાબેન જે. વડુકર** તેમજ વડુકર પરિવારના તમામ સભ્યો વતી એમના અમોલ રત્નસમાન **સ્વ. જિજ્ઞેશકુમાર વડુકર**ને પરમકૃપાળું પરમાત્મા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**જીતેન્દ્રકુમાર (નાનો ભાઈ), કાજલબેન જે. વડુકર, • આધ્યા (પૌત્રી), રેયાંશ (પૌત્ર), સમગ્ર વડુકર પરિવાર**


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો,
આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે
અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો



Eye-care® Hospital

ફ્રી આંખની તપાસ

SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)

PATIENT SAFETY & QUALITY OF CARE
N.A.B.H
PRE ACCREDITED

- Cataract
- Lasik
- Glaucoma
- Cornea
- Retina
- Oculoplasty

આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન

ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ

**સમય:** સવારે **9:00** થી **12:00,**
બપોરે **3:00** થી સાંજે **6:00** વાગ્યા સુધી

Eye-care® Hospital

પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫

૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯–૨૬૪૪૬૧૩૩

www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023




# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| | | |
|---|---|---|
| ડો. પ્રતાપ દેસાઈ<br>M.S. (ઓપ્થોલમોલોજી) | ડો. હેમાક્ષી પી. દેસાઈ<br>M.S. (ઓપ્થોલમોલોજી) | ડો. સુરોહી શાહ<br>M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર
અત્યાધુનિક સુવિધા સાથે
જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ય, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે. (PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ


**મંથલી મિટીંગ :** એપ્રિલ માસની મંથલી મિટીંગ તા. ૧૫-૦૪-૨૦૨૬ના રોજ બુધવારે બપોરે ૪.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, જુની લોકલ હેડ ઓફિસ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫